**અમદાવાદ (ગ્રામ્ય) ના ચોથા એડી. સિનિયર સીવીલ જજ અને ચીફ જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા.**

ફોજદારી કેસ નંબર.૧૮૩૬/૨૦૨૦
આંક.

ફરિયાદી – શ્રી સરકાર

**વિરુધ્ધ**

આરોપી – વિજયભાઈ બટુકભાઈ ડાબી

SECTION ધી ગુજરાત પ્રાહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(ઈ), ૮૧ મુજબ

# ચુકાદો

૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે,આ કામના આરોપીએ બનાવ સમયે અને સ્થળે કોઈ પણ પ્રકારની પાસ પરમિટ વગર પોતાના કબજામાં પ્રતિબંધક મુદ્ધામાલ રાખી પકડાઈ જતાં આરોપી સામે ધી ગુજરાત પ્રોહિબીશન એમેન્ડમેન્ટ એકટની કલમ–૬૬(૧ )(બી), ૬૫(ઈ) ૮૧, અન્વયેનો શિક્ષાપાત્ર ગુનો નોંધી તપાસ કરનાર અમલદાર દ્વારા ગુનાની તપાસ કરી અત્રેની અદાલત સમક્ષ આરોપી વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે.

૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે આપ્યાની ખાત્રી કરેલ છે.સદર કામે આરોપી પાસેથી કબજે લીધેલ પ્રતિબંધિત મુદામાલની માત્રા તથા તાજેતરમાં ગુજરાત સરકારશ્રી દ્રારા જાહેરનામા નં.જીજી/૬૫/૨૦૧૯/વીડીઆર/૧૦/ ૨૦૦૯/ ૨૦૬૧/ ઈ–૧, તા. ૦૨.૦૭.૨૦૧૯ થી પ્રતિબંધક મુદ્ધામાલની ન્યુનતમ માત્રા નક્કી કરવામાં આવેલ છે અને તે મુજબ આરોપી પાસેથી કબજે લીધેલ પ્રતિબંધક મુદ્ધામાલની માત્રા ન્યુનતમ માત્રા હોય આરોપી વિરુધ્ધ ધી ગુજરાત પ્રોહિબીશન

એમેન્ડમેન્ટ એકટની કલમ–૬૬(૧)(બી), ૬૫(ઈ), ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે અને પ્લી રેકર્ડ કરતાં આરોપીએ ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે .

૩) આરોપીએ સદરહું ગુનાના કામે અલાયદા કબુલાત પુરસીસ આપી તેમાં જાહેર કરેલ છે કે,તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ સામાન્ય અને ગરીબ વર્ગના ઈસમ છે.તેઓનો કોઈ સ્થિર ધંધો નથી અને છુટક મજુરી કામ કરે છે અને મજુરી પણ રોજ મળતી નથી.જેથી તેઓ પોતાનું તેમજ કુટુંબનું ગુજરાન કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાથી અને આર્થિક પરિસ્થિત ખરાબ હોવાના કારણે હાલનો ગુનો થઈ ગયેલો છે.આરોપીનો આ પ્રથમ ગુનો છે અને હવે પછીથી ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુનો આચરીશું નહી,તેવુ જણાવેલ છે અને કોર્ટની કાર્યવાહીનો સમય અને નાણાનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઊદ્દેશથી વિનમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારેલ છે.

(૩.૧) આરોપી ખરેખર પોતાની સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતા હોવાની ખાત્રી કરવામાં આવેલી છે.

૪) તમામ રેકર્ડ ઊપરની હકીકતો લક્ષમાં લેતાં તથા પ્રવર્તમાન કાનુની પ્રબંધો ધ્યાને લેતાં આ કામના આરોપી પાસેથી કબજે લેવામાં આવેલ પ્રતિબંધક મુદ્દામાલની માત્રા કે જે સરકારશ્રી દ્રારા નિર્ધારિત કરવામાં આવેલ ન્યુનતમ માત્રાથઈ પણ ઓછી માત્રા છે.વધુમાં આરોપી વિરુધ્ધ જે શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે તેની શિક્ષાની જોગવાઈ ધ્યાને લેતાં કલમ–૬૬(૧)(બી), ૬૫(ઈ), ૮૧ માં દરેક ગુના માટેની સજા 03 વર્ષ સુધી લંબાવી શકાય અને તે સાથે દંડ કરી શકા,તે મુજબની છે. આરોપી વિરુધ્ધ આક્ષેપાયેલ ગુનાની હકીકત તથા કેસના સંજોગો અને કબુલાત પુરસીસથી આપોરીએ રજુ

કરેલ કબુલાતનામાની હકીકત ધ્યાને લેતાં તથા તેની સાથે સાથે અદાલત સમક્ષ અન્ય પેન્ડીંગ કેસોની સંખ્યા ધ્યાને લેતાં,સદર ગુનાના કામે જો આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવે તો તે કાર્યવાહી માટે હાલના કામના ફરિયાદી કે જેઓ સરકારી અમલદાર છે,તેવી જ રીતે સરકારી સાહેદો ,પંચો અને સરકારી અધિકારી ત.ક.અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઊપર આવે ત્યારે આરોપીને સજા થાય.વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુંક સમયમાં હાલા ગુનાની ટ્રાયલ ચલાવીને પુરો કરવાની સંભાવના શકય નથી. વધુમાં ધી ગુજરાત પ્રોહીબીશન એકટ અન્વયેના કેસોમાં ભુતકાળમાં સાબિત થયેલ કેસોની સંખ્યા અને સજાનું પ્રમાણ ધ્યાને લેતાં તે ઘણુ ઓછુ છે. વધુમાં આરોપીઓ સમય,ફરિયાદ પક્ષે સરકારી વકીલનો સમય,સરકારી સાહેદોનો તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલના અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે,તેના બદલે જો આરોપી પ્રથમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેઓની ગુના કબુલાત સંદર્ભે રજુ કરેલ હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારોનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં સદુપયોગ કરી શકાય તેમ હોય, તેમજ આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતા હોય અને જયારે આરોપીનો આ પ્રથમ ગુનો હોય ત્યારે રેકર્ડ ઊપર આવેલ તમામ હકીકતો અને તમામ પરિસ્થતિને ધ્યાને લઈ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્રારા ગુજરાત ગુજરાત રાજય વિ.નટવર હરચંદજી ઠાકોર , ૨૦૦૫(૧) જી.એલ.આર .૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નિયત કરેલી સજા કરતાં ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય,ઊપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

આ કામના  આરોપીને ફોજદારી કાર્યરિતિ સંહિતાની કલમ–૨૪૧ અન્વયે તકસીરવાન ઠરાવી આરોપીને ધી ગુજરાત પ્રોહિબીશન એમેન્ડમેન્ટ એકટની કલમ–૬૬ (૧)(બી), ૬૫(ઈ), ૮૧ મુજબના ગુના બદલ કોર્ટ ઊઠતા સુધીની સજા તથા રૂા.૧૦૦ /– (અંકે રૂપિયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૧૫ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

–મુદ્દામાલ દારુનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે તેમજ

–મુદ્દામાલ વાહનનો જો વચગાળાનો હુકમ કરેલ હોય તો તે કાયમ કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો ન કરેલ હોય તો મુદ્દામાલની ખાતરી કરી અપીલ સમય બાદ પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૯–૦૩–૨૦૨૪
અમદાવાદ

(તખતસિંહ જુજારસિંહ દેવડા)
ચોથા એડી.ચીફ જ્યુડી.મેજી.
અમદાવાદ (ગ્રામ્ય), નવરંગપુરા,
(Code No. GJ 00944 )